# ખેતીવાડી શાખા, ખેડા જીલ્લા પંચાયત કચેરી, નડિયાદ દ્વારા આયોજિત "આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ-૨૦૨૩" અંતર્ગત કૃષિ મેળો-વ-પ્રદર્શન, ખેડા ખાતે યોજાયેલ

ખેતીવાડી શાખા, ખેડા જીલ્લા પંચાયત કચેરી, નડિયાદ દ્વારા આયોજિત "આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ-૨૦૨૩" અંતર્ગત તા. ૨૬/૧૦/૨૦૨૩ ના રોજ ખેડા તાલુકાના પટેલ સમાજવાડી મહેમદાવાદ રોડ, ખેડા, ખાતે કૃષિ મેળો-વ-કૃષિ પ્રદર્શન યોજાયેલ. મીલેટની ખેતી કરતા ખેડૂતોની તાલુકા કક્ષાએ યોજાયેલ કૃષિ મેળામાં માન. ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર, માતર, નાયબ ખેતી નિયામકશ્રી જે. એચ. સુથાર, તાલુકા પ્રમુખશ્રી તથા અન્ય પદાધિકારીઓ સાથે ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક ઉપસ્થિત રહી, ખેડૂતોને તૃણ હલકા ધાન્ય પાકોના વાવેતર અને ઉપયોગ માટે પ્રોત્સાહિત કરેલ, નાયબ ખેતી નિયામકશ્રી દ્વારા સ્વાગત પ્રવચન કરેલ હતુ. ત્યારબાદ ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., સણસોલી દ્વારા જાડા અને બરસઠ હલકા તૃણ ધાન્ય પાકોની માનવ આહારમાં અગત્યતા અને તેની ખેતી પદ્ધતિ ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ત્યાર બાદ માન. ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર દ્વારા આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ-૨૦૨૩ અંતર્ગત માહિતી અને **ખેતી** સંલગ્ન સરકારની યોજનાઓ વિષે જાણકારી આપેલ હતી, બે પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક અને સેન્દ્રિય ખેતી ઉપર તેઓના જાત અનુભવો વ્યક્ત કરેલ, મીલેટની ખેતી કરતા પાંચ પ્રગતિશીલ ખેડૂતોનો પ્રમાણપત્ર અને પાંચ ખેડૂતોને સહાય ચુકવણી હુકમ વિતરણ કરીને સન્માનીત કરવામાં આવેલ હતા.

તમામ ખેતીવાડી ખાતા, આત્મા, બાગાયત વિભાગ, ખાનગી તેમજ સરકારી એજેન્સીઓ દ્વારા કૃષિ મેળો-વ-પ્રદર્શનનું આયોજન, પટેલ સમાજવાડી, મહેમદાવાદ રોડ, ખેડાના હોલમાં કરવામાં આવેલ હતુ. ૨૫૦ પુરુષ અને મહિલા ખેડૂતો, ખેડા જીલ્લાના અને તાલુકાના હોદ્દેદારો, ગ્રામસેવકો અને સમગ્ર જીલ્લા ખેતીવાડી સ્ટાફ હાજર રહી ઉત્સાહ પૂર્વક ભાગ દીધેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ શ્રી શૈલેષભાઈ પ્રજાપતિ, મદદનીશ ખેતી નિયામક, ખેડા દ્વારા કરવામાં આવેલ હતું.







